સેવા કરવાથી આપણાં જ સુખ અને સ્વાસ્થ્યમાં વધારો થાય છે
- શ્રી રમેશભાઇ ઓઝા

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૬ | ૫ ઓક્ટોબર, ૨૦૧૨, શુક્રવાર; નિજ ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતા અમલી

મોટા પ્રમાણમાં રોકડ નાણાં લઈ જનારાએ આવશ્યક દસ્તાવેજો સાથે રાખવા જરુરી

ગાંધીનગર, તા.૪

ભારતના ચૂંટણીપંચ તરફથી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવાની તા. ૩ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર ગાંધીનગર જિલ્લાના ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર (દ), ૩૬-ગાંધીનગર (ઉ), ૩૭-માણસા અને ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ઓક્ટોબર ૨૦૧૨ના રોજ યોજાનાર છે. સામાન્ય ચૂંટણી જાહેર થયાની તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચાર-સંહિતા અમલમાં આવી છે. તેવું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે ચૂંટણી દરમિયાન જાહેર જનતાને અપીલ કરી છે કે, મતદારોને રીઝવવા રોકડ, દારૂ કે બીજી કોઈ વસ્તુ વહેંચે તો તે લાંચ છે અને તે શિક્ષાપાત્ર ગુનો છે. ચૂંટણી દરમિયાન મતવિસ્તારમાં રોકડ, દારુ અને બીજી વસ્તુઓની વહેંચણી ઉપર ધ્યાન રાખવા માટે દરેક પોલીસ સ્ટેશન હેઠળ ફલાઈંગ સ્કવોર્ડ બનાવવામાં આવે છે.

ચુંટણી દરમિયાન કોઈ પણ મતવિસ્તારમાં મોટા પ્રમાણમાં રોકડ નાણાં લઈ જતી કોઈપણ વ્યકિતએ ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા થતી જગ્યા અટકાવવા માટે આવી રોકડનું સ્થાન અને તેનો અંતિમ ઉપયોગ દર્શાવતા દસ્તાવેજ સાથે રાખવા જોઈશે જે મુજબ (૧) ઈન્કમટેક્ષ ઓળખ કાર્ડની નકલ (૨) ધંધા નોંધણીનું પ્રમાણપત્ર (૩) બેન્કની પાસબુક/નાણાંના ઉપાડનું બેન્કનું સ્ટેટમેન્ટ (૪) નિયમિત રોકડ વ્યવહાર થતાં હોય તેવા કિસ્સામાં ધંધાના રોકડમેળની નકલ અને (૫) રોકડ જેમાં વાપરી હોય તેના પુરાવાના દસ્તાવેજ સાથે રાખવા જરુરી બને છે.

શહેરના માર્ગો પરથી બેનર્સ-પોસ્ટર્સ હટાવાયાં

આચાર સંહિતાનો અમલ થતા તંત્રની ટીમ કામે લાગી : રાજકીય પક્ષોનાં ૯૬૦ જેટલા નાના-મોટા બેનર્સ ઉતારી લેવાયાં

ગાંધીનગર, તા.૪

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં બે તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કર્યા બાદ આચાર સંહિતાનો અમલ શરુ કરી દેવાયો છે. રાજયના પાટનગરમાં આજે જાહેરમાર્ગો પર લાંબા સમયથી ચિપકાવેલા બેનર્સ અને હોર્ડીંગ્સ ઉતારવા તંત્ર કામે લાગ્યું હતું. શહેરના પ્રવેશદ્વાર અને મુખ્યમાર્ગો સહિતના વિસ્તારમાં તાંણી બંધાયેલા હોર્ડીંગ્સ અને બેનરો તંત્રની ટીમે દૂર કર્યા હતા. સમગ્ર શહેરમાંથી દિવસ દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના ૯૬૦ જેટલા પોસ્ટર અને બેનર્સ હટાવી લેવાયા હતા.

ચૂંટણી પંચે બુધવારે ગુજરાત વિધાનસભાની ૨૦૧૨ની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરતા રાજકીય વર્તુળમાં ચૂંટણીલક્ષી ગરમાવો વર્તાઈ રહ્યો છે. મહીનાના અંતે આખરે ચૂંટણીની તારીખો જાહેર થતા જ આદર્શ આચાર સંહિતાનો અમલ પણ શરુ કરી દેવાયો છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે પણ હાઈ વોલ્ટેજ ચૂંટણી જંગને લઈ સ્થાનિક રાજકારણમાં પણ ઉત્તેજના છવાઈ છે. જયારે ચૂંટણી ચકરાવો ને અનુલક્ષી રાજકીય વર્તુળમાં પણ હોટ ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. બીજી તરફ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્યક્રમની વિધિવત જાહેરાત થતા આચારસંહિતાનો અમલ શરુ કરી દેવાયો છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં ચિપકાવાયેલા બેનર્સ અને હોર્ડીંગ્સની હારમાળા સર્જાઈ હતી. ચૂંટણી નજીક આવતા રાજકીય પક્ષો વચ્ચે જાણે પોસ્ટર યુધ્ધ શરુ થયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. નગરના વિવિધ માર્ગો પર ડગલે ને પગલે રાજકીય બેનર્સની હોડ લાગતા એક તબક્કે વૃક્ષો કરતા બેનર્સ અને હોર્ડીંગ્સ વધુ નજરે પડતા હોવાનું ધ્યાને આવતું હતું. જાહેરમાર્ગો જાહેરખબરનું માધ્યમ બની ગયા હોવાનું ચિત્ર સ્પષ્ટ થતું હતું. આખરે ચૂંટણી જાહેર થતા અમલી બનેલી આચાર સંહિતાને લઈ તંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો પરથી તમામ જગ્યાએથી આ પોસ્ટર્સ અને બેનર્સ દૂર કરવામાં આવ્યા હતા. પાટનગર યોજના ભવનની ટીમે આજે દિવસ દરમિયાન નગરના , ખ, ઘ, ચ અને ગ માર્ગ સહિતના ઉભા-આડા રસ્તા પર લગાવાયેલા નાના મોટા ૯૬૦ જેટલા બેનર્સ અને પોસ્ટર્સ દુર કરાયા હતા. જેમાં ૨૦ થી વધુ તોતિંગ હોર્ડીંગ્સનો સમાવેશ થાય છે.

આગામી સપ્તાહથી મતદાર જાગૃતિ અભિયાન

મતદારોની જાગૃતિ માટે રેલી, માનવસાંકળ, હોર્ડિંગ્સ ઉપરાંત દૂધના પાઉચ પર તેમજ સિનેમા ગૃહોની ટિકિટો ઉપર પણ સૂત્રો છપાશે

ગાંધીનગર, તા. ૪

વિધાનસભાની ચૂંટણીમાં મતદારોની જાગૃતિ માટે ચૂંટણીપંચ અને જિલ્લાતંત્ર દ્વારા એક સંયુક્ત અભિયાન હાથ ધરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા નવો એકશન પ્લાન પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વિધાનસભાની ચૂંટણી માટે મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત પંચે અમલી બનાવેલા 'સ્વીપ' પ્રોગ્રામનો બીજો તબક્કો હવે અમલી બનાવવામાં આવશે. આ માટે મતદારોની જાગૃતિનું આખુ અભિયાન છેડવામાં આવશે.

આ અભિયાન આગામી સપ્તાહથી આરંભાશે અને જેમ જેમ ચૂંટણી માટેના મતદાનનો દિવસ નજીક આવશે તેમ આ ઝુંબેશ વધુ વેગીલી બનાવવામાં આવશે. મતદારોની જાગૃત્તિ માટે હોર્ડિંગ્સ મુકવા ઉપરાંત એન.એસ.એસ., એન.સી.સી., સ્કાઉટ ગાઈડ્સ, તેમજ વિદ્યાર્થીઓને સાંકળી રેલી, માનવસાંકળ જેવા કાર્યક્રમોનું આયોજન વિચારવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ પ્રાથમિક શાળાના ભૂલકાંઓને પણ લોકશાહીના આ મહાપર્વની

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણીનો વહેલો જાહેર થયેલો કાર્યક્રમ રાજકીય પાર્ટીઓને નાકે દમ લાવી દેશે

મોડી યાત્રા શરૂ કરનાર કેશુભાઇ પટેલ હોંશિયાર નિકળ્યા,બન્ને પાર્ટીઓને ફરીથી એક નવી યાત્રા કાઢવી પડે તેટલો સમય મળ્યો

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં ચૂંટણીની જાહેર થયેલી તારીખ અને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ વચ્ચેનો સમયગાળો ૮૦ દિવસનો છે. આ સમય પ્રચારનો ગાળો ૬૯ દિવસ થાય છે.

રાજકીય પક્ષો માટે આટલો બધ્ધો સમય ચૂંટણી ખર્ચમાં વધારો કરશે. મતદારો અને ગુજરાતની જનતાને પકડી રાખવી પણ અઘરી

ચૂંટણી કમિશનની ચૂસ્ત નિગરાનીને કારણે શાસક ભાજપની હાલત વધારે કફોડી થશે

અતિ કિમતી છે પરંતુ રાજકીય પાર્ટીઓ માટે સમય ખર્ચવો અઘરો થઇ પડે તેમ છે.

આમ જોઇએ તો ૪થી ઓક્ટોબરે ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો અમલ થઇ ચૂક્યો છે, જે ૨૪મી ડિસેમ્બર સુધી ચાલશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧ ૩મી ડિસેમ્બરે નિર્ધારવામાં આવ્યું છે તેથી ચૂંટણી

પોસ્ટરો,બેનરો ઉપર બ્લેકઆઉટ,સરકારી કાર્યક્રમોમાં નહીં પણ હવે પાર્ટીમાં હાજરી

પડશે, કારણ કે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોની ચૂંટણી યાત્રાઓ પૂર્ણતાના આરે છે. બન્ને પાર્ટીઓ વચ્ચે પરિવર્તન પાર્ટીના પ્રમુખ કેશુભાઇ પટેલ વધારે હોંશિયાર નિકળ્યા, કારણ કે તેમણે પરિવર્તન યાત્રા ૨૭મી સપ્ટેમ્બરે શરૂ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાતનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧